Title-Code:-GUJGUJ18339

દર મંગળવારે વાંસદા તાલુકા થી પ્રસિધ્ધ થતું ચાર જિલ્લામાં ફેલાવો ધરાવતું નીડર સાપ્તાહિક

E-mail :gjdesinews@gmail.com
www.gjdesinewsvoiceofadivasi.com

GJ દેશી NEWS VOICE OF ADIVASI

# વોઈસ ઓફ આદિવાસી

તંત્રી–શૈલેશભાઈ વલ્લભભાઈ પટેલ
(સન ઓફ આદિવાસી)
Mo-79849 55304

નવસારી -તાપી -ડાંગ -વલસાડ

ગુજરાતી સાપ્તાહિક (નવસારી)
લીગલ એડવાઈઝર- મનીષ એસ. ભાવસાર

YEAR-2, ISSUE-24 (NAVSARI), DATE-04/11/2025 TUESDAY, EDITOR- SHAILESHKUMAR VALLABHBHAI PATEL, OFF- PATEL FALIYA, BARTAD (UNAI) VANSDA, DIST.-NAVSARI, GUJARAT. PAGE-04,Price-2/-

વર્ષ-૨, અંક-૨૪(નવસારી), તા. ૦૪/૧૧/૨૦૨૫ મંગળવાર, તંત્રી-શૈલેશભાઈ વલ્લભભાઈ પટેલ, ઓફીસ-પટેલ ફળીયા, બારતાડ(ઉનાઈ), વાંસદા, જીલ્લા- નવસારી, ગુજરાત, પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.

2 તાપી જિલ્લાના વાજબી ભાવની દુકાનોના દુકાનદારોને તાત્કાલિક ધોરણે વિતરણ અંગે ચલણ સંબંધિત કામગીરી કરવા તથા નાણાની ભરપાઈ કરવા અનુરોધ

3 માવઠાથી શેરડીની કાપણી અટકી ૮ વધુ મિલોમાં ઉત્પાદન ખોરવાયું

4 નવસારી જિલ્લામાં જનજાતિય ગૌરવ દિવસ, જનજાતિય ગૌરવ રથયાત્રાના આયોજન અંગે જિલ્લા કલેક્ટરશ્રી ક્ષિપ્રા આગ્રેની અધ્યક્ષતામાં બેઠક યોજાઇ

### સાંસદ શ્રી ધવલ પટેલ સાહેબે વલસાડ ની જનતા ને આપેલ વચન ના ભાગ રૂપે

## વલસાડ ઉ. ડી. પી. સામેનો રેલવે દ્વારા બંધ કરાયેલો રસ્તો ખુલ્લો કરાવી વલસાડ ની જનતાને ખુશી અને હર્ષોલાસની લાગણી થી ભાવ વિભોર કરી દીધા

### શહેરીજનોએ આ ઐતિહાસિક પળ ને ફટાકડા ફોડી ઢોલ નગારા સાથે ઉજવણી કરી સાંસદ શ્રીનો આભાર વ્યક્ત કરતા લોકો માં નારા નીસાથે એક જ માંગ ગુંજી ઉઠી હતી ( એક જ ચાલે ધવલભાઈ જ ચાલે)

**વલસાડ બ્યુરો ચીફ -** કિરણ પટેલ વલસાડ માં સાંસદ શ્રી ધવલભાઈ પટેલ સાહેબ ની આગેવાની માં અનેક કામો થયાં છે વલસાડ ની જનતા ખુશી ની લાગણી સાથે ગૌરવ અનુભવે છે પોતાના લોક લાડીલા સાંસદ શ્રી માટે વલસાડ ઉ.ડી.પી.સામે નો રેલવે દ્વારા બંધ કરાયેલો રસ્તો વલસાડ-ડાંગ ના સાંસદ શ્રી ધવલભાઈ પટેલ ,ધારાસભ્ય શ્રી ભરતભાઈ પટેલ ની આગેવાની હેઠળ ખુલ્લો મુકાયો.

ફટાકડા ફોડી ઢોલ નગારા સાથે ઉજવણી કરાઈ, શહેરીજનોમાં આનંદની લાગણી. વલસાડ રેલવે વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ અને શહેરીજનો ને સાથે રાખી તમામને પડતી હાલાકીઓ નો સુખદ અંત આવ્યો છે સાંસદશ્રી ધવલભાઈ પટેલ સાહેબ દ્વારાએવુ કહેવામાં આવ્યુ

વલસાડ શહેરના સ્ટેશન રોડ ખાતે આવેલ ઉ.ડી.પી. હોટલ સામેનો માર્ગ છેલ્લા કેટલાક સમયથી રેલવે વિભાગ દ્વારા બંધ કરી દેવામાં આવ્યો હતો જેના કારણે શહેરીજનોને ભારે હાલાકીઓ વેચવાનો વારો આવતો હતો આ સંદર્ભે વલસાડ ડાંગના સાંસદ શ્રી ધવલભાઈ પટેલ, પટેલ ધારાસભ્ય શ્રી ભરતભાઈ પટેલ તેમજ જિલ્લા સંગઠન દ્વારા આ અંગે રેલવે વિભાગને વારંવાર લેખિત, મૌખિક રજૂઆતો કરવામાં આવી હતી, સાંસદ શ્રી ધવલભાઈ પટેલ દ્વારા કેન્દ્રીય રેલ મંત્રી આદરણીય શ્રી અશ્વિની વૈષ્ણવજી ને દિલ્હી ખાતે રૂબરૂ મુલાકાત કરી વખતો-વખત લેખિત અને મૌખિક રજૂઆતો કરી હતી, જેના પરિણામ સ્વરૂપે વલસાડ ખાતે કેન્દ્રીય રેલ મંત્રી આદરણીય શ્રી અશ્વિની વૈષ્ણવજીના પ્રવાસ કાર્યક્રમ



દરમ્યાન રેલવે વિભાગ દ્વારા બંધ કરવામાં આવેલ રસ્તાઓ ખુલ્લો મુકવાની જાહેરાત મંત્રીશ્રી દ્વારા કરવામાં આવી હતી, આજરોજ લોકસભાના દંડક,વલસાડ-ડાંગના સાંસદ શ્રી ધવલભાઈ પટેલ ,વલસાડના ધારાસભ્ય શ્રી ભરતભાઈ પટેલ, વલસાડ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી મનહરભાઈ પટેલ ની આગેવાની હેઠળ છેલ્લા લાંબા સમયથી બંધ કરવામાં આવેલ રસ્તો ખુલ્લો મુકાતા શહેરીજનોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી હતી,ઉ.ડી.પી. સામે નો રસ્તો ખુલ્લો મૂકી દેવાતા શહેરીજનોને હાલાકીઓનો અંત આવી ગયો છે, જે અંગે ખુશીની લાગણી વ્યક્ત કરવા આજરોજ ફટાકડા ફોડી ઢોલ નગારા સાથે ઉજવણી કરવામાં આવી હતી.

સાંસદ શ્રી ધવલભાઈ પટેલે જણાવ્યું હતું કે વલસાડ રેલવે વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ અને શહેરીજનો સાથે રાખીને આદરણીય મંત્રીશ્રી દ્વારા કરવામાં આવેલ નિર્ણયના કારણે તમામ લોકોની હાલાકીઓ નો આજરોજ સુખદ અંત આવ્યો છે.

આ તબક્કે વલસાડ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના મહામંત્રી શ્રી કમલેશભાઈ પટેલ, ભારત સરકારના ફીશરીસ વિભાગના ડિરેક્ટર શ્રી રાજેશભાઈ ભાનુશાલી, વલસાડ જિલ્લા ભાજપ મીડિયા કન્વીનર શ્રી દિવ્યેશ કૈલાશનાથ પાંડે, વલસાડ શહેર ભાજપ પ્રમુખ શ્રી દિવ્યાંગભાઈ ભગત, વલસાડ તાલુકા ભાજપ પ્રમુખ શ્રી તેજસભાઈ વલસાડ નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી માલતીબેન ટંડેલ, વલસાડ નગરપાલિકાના કારોબારી અધ્યક્ષ શ્રી આશિષભાઈ દેસાઈ, શહેર તાલુકા સંગઠનના હોદ્દેદારો વિવિધ મોરચાના હોદ્દેદારો નગરપાલિકાના સભ્યશ્રીઓ કાર્યકર્તાઓ તેમજ મોટી સંખ્યામાં સ્વયંભુ શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

### ઉનાઈ વાંસદા હાઇવે ૫૬ રોડ ૯ કરોડના ખર્ચે નવીનીકરણ

## ધારાસભ્ય અનંત પટેલ નો ચેતવણી ભર્યા લેટર લખતાની સાથે ૨૪ કલાકમાં કામકાજ શરૂ

**સન ઓફ આદિવાસી-** ઉનાઈ થી વાંસદા જોડતો હાઇવે ૫૬ બિસ્માર હાલતમાં જેને લઇ ધારાસભ્ય અંનત પટેલ દ્વારા ધણા સમયથી આંદોલન પણ કરવામાં આવ્યું હતું. સાંસદ ધવલ પટેલ દ્વારા પણ નેશનલ હાઇવે ૫૬ ના અધિકારીઓને ચીમકી આપવામાં આવી હતી. પણ નેશનલ હાઈવે ૫૬ ના જાડી ચામડીના અધિકારીઓ કોઈપણ વાત ધ્યાનમાં ન લેતા છેવટે વાંસદા ચીખલીના ધારાસભ્ય અનંત પટેલે કેન્દ્રીય મંત્રીને ખુલ્લો ચેતવણીનો લેટર લખતાની સાથે જ વાંસદા ઉનાઇ રોડની નવીનીકરણ શરૂ પાછલા ધણા સમયથી આ રોડ બિસ્માર હાલતમાં હોવાથી ચોમાસા દરમિયાન એક એક ફૂટ જેટલા ખાડા પડી ગયા.



વરસાદ બંધ થતાની સાથે જ ધુળની ડમરી ઉડતી થઈ ગઈ છતાં તંત્ર લાપરવાહી અને હાઇવે ૫૬ ની બેદરકારી ના કારણે અહીંના રહેવાસીઓએ ખૂબ જ પરેશાની વેઠવી પડતી હતી. જેને લઇ ગ્રામજનોની રજૂઆત ધારાસભ્યની રજૂઆત સાંસદની રજૂઆત છતાં પણ હાઇવે ૫૬ના ૪૦ ચામડીના અધિકારીઓ કોઈની પણ વાત ગણકારી ન હતી. છેવટે ધારાસભ્ય આનંદ પટેલે ચેતવણી રૂપે ખુલ્લો લેટર કેન્દ્રીય મંત્રીને લગતા ફફડાટ મચી વાપ પામ્યો અને લેટર લખતા ની સાથે જ ૨૪ કલાકમાં ઉનાઈ થી વાંસદા હાઇવે ૫૬ નુ કામ શરૂ કરી દેવામાં આવ્યું.

આ રસ્તા ઉપર જૂના તૂટેલા બ્રિજનું પણ નવીનીકરણ થઈ ચૂક્યું છે અને વાંસદા ઉનાઈ રોડ નવ કરોડના ખર્ચે ત્રણ લેયરમાં બનાવવામાં આવશે અને ૧૦ મીટર પહોળા બનાવવામાં આવશે.

## હરિ નો છો, હરિનો થા, અને હરિ ને જ ભજ-પ્રફુલભાઇ શુક્લ

### ઉનાઈમાતા મૅંદિરે ભાગવત કથા ને વિરામ અપાયો

**વાંસદા -** વાંસદા તાલુકા ના ઉનાઈમાતા મૅંદિરે G.J. દેશી ન્યૂઝ અને મૅંદિર સમિતિ દ્વારા આયોજિત કથાકાર પ્રફુલભાઇ શુક્લ ની ૮૮૬ મી ભાગવત કથા ને આજે ભાવસભર માહોલ માં વિરામ અપાયો હતો પુર્ણાહુતી પ્રવચનમાં પ્રફુલભાઇ શુક્લ એ કહ્યું હતું કે ‘ હરીનો છો, હરિનો થા, અને હરિ ને જ ભજ ‘ એ ભાગવત ઉપદેશ છે પૂજય બાપુ એ ભોજન દાતા અશોકભાઈ ગજેરા, મુખ્ય યજમાન મહેશભાઈ બાબુભાઇ પાચીયા, એડિટર શૈલેશભાઈ પટેલ, હરિશભાઈ પરમાર, આચાર્ય રાકેશદુબે, સાત દિવસ ના દૈનિક યજમાનો, અને વરસતા વરસાદ માં પણ કથા શ્રવણ કરનારા શ્રોતા ઓનો આભાર વ્યક્ત કરી ને જીવન ની ૮૮૬ મી ભાગવત કથા ને ઉષ્ણ અંબા ઉનાઈ માતા ના ચરણોમાં અર્પણ કરી હતી આજે ઉનાઈમાતા મૅંદિર ના સફાઈ કામદારો એ હવનમાં ભાગ લીધો હતો.



કથાકાર નરેશભાઈ રામાનંદી, ભાસ્કર ભાઈ દવે એ પ્રસંગિક ઉદબોધન કર્યું હતું, બાપુ ના સઁગીતકારો હરેશભાઇ જાની ધરમપુર, બિપીનભાઈ પટેલ દેબરપાડા, વત્સલ પટેલ, પ્રતીક પટેલ



આછવણી, એ ધૂન ગરબા ની રમઝટ બોલાવી હતી ગીરીશભાઈ જયસ્વાલ, રીટાબેન ચૌહાણ, દિક્ષિતાબેન પટેલ, ટાંક પરિવાર, પિન્ટુ ભાઈ મહારાજ, સહિત મોટી સઁખ્યામાં ઉપસ્થિત ઉનાઈ, સિણધઈ, બારતાડ, ડોલવણ, ચરવી, પાલગભણ, ચઢાઉં, ગામના શ્રોતા ઓ એ પૂજય બાપુને ભાવ ભરી વિદાઈ આપી હતી ‘ગોપાલ કૃષ્ણ, રાધે કૃષ્ણ ‘નો પ્રચંડ નાદ કરવામાં આવ્યો હતો.

### ધરમપુર કોગ્રેસનું આવેદનપત્રઃ ખેડૂતોને સહાયની માંગ

## કમોસમી વરસાદથી થયેલા પાક નુકસાન બદલ તાત્કાલિક સર્વે અને સહાય ચૂકવો



**ધરમપુર, વલસાડ-** ધરમપુર તાલુકામાં કમોસમી વરસાદને કારણે ખેડૂતોના પાકને વ્યાપક નુકસાન થયું છે, જેના પગલે ખેડૂતો ગંભીર આર્થિક સંકટમાં મુકાયા છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, ધરમપુર કોગ્રેસ કમિટી દ્વારા મામલતદાર કચેરી ખાતે પ્રાંત અધિકારીને આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું.આવેદનપત્રમાં કોંગ્રેસના પ્રતિનિધિઓએ રાજ્ય અને કેન્દ્ર સરકાર સમક્ષ ખેડૂતોના દેવા તાત્કાલિક માફ કરવાની માંગ કરી હતી. તેમણે યુપીએ સરકારે ખેડૂતોના રૂ. ૭૮,૦૦૦ કરોડના દેવા માફ કર્યા હતા તેનું ઉદાહરણ આપ્યું હતું.

વધુમાં, ૨૦૨૦ થી ગુજરાતમાં બંધ પડેલી સરકારી પાક વીમા યોજનાને તાત્કાલિક પુનઃશરૂ કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો, જે દેશના અન્ય ભાગોમાં ચાલુ છે. કોંગ્રેસે કુદરતી આફત અને સરકારની ઉદાસીનતાને કારણે ખેડૂતોને થયેલા મોટા નુકસાન અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે સરકારને તાત્કાલિક ધોરણે નુકસાનીનો યોગ્ય સર્વે કરાવવા અને સર્વેના આધારે સહાય પેકેજ જાહેર કરીને ખેડૂતોને યોગ્ય સહાય ચૂકવવાની વિંનતી કરી હતી.

ધરમપુર તાલુકા કોંગ્રેસ સમિતિ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિએ સ્પષ્ટ જણાવ્યું હતું કે જો ખેડૂતોને નુકસાની પ્રમાણે સહાય ચૂકવવામાં નહી આવે તો તેઓ તેમના વિસ્તારના ખેડૂત ભાઈઓ સાથે મળીને ઉગ્ર આંદોલન કરશે. આ આવેદનપત્ર સુપરત કરતી વખતે માજી સાંસદ કિશન પટેલ, ધરમપુર તાલુકા કોંગ્રેસ પ્રમુખ રાજેશભાઈ પટેલ, ધરમપુર શહેર કોંગ્રેસ પ્રમુખ સહિત કોંગ્રેસના અનેક કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## વેશુ લોજિસ્ટિક લિમિટેડ કંપનીમાં સ્થાનિક કર્મચારીઓને પગાર આપવા વગર છૂટા કરી દેતા હોબાળો

**ઉર્વેશ ચૌધરી, પલસાણા -** તારીખ ૩ ૧૧ ૨૦૨૫ ના રોજ પલસાણા હાઇવે ની બાજુમાં આવેલ આરક સ્થિત મિસો કંપનીના વેરહાઉસ ખાતે આદિવાસી સમાજની બહેનો પોતાના ઘરની રોજી -રોટી માટે નોકરી પર આવતી હોય છે. અને આ કંપની દ્વારા તેઓને છેલ્લા બે મહિનાથી પગાર આપવામાં ન આવે અને તેઓને અચાનક નોકરી પરથી પણ કાઢી મુકવામાં આવે છે ૨૦ જેટલી બહેનોને નોકરીમાંથી છુટા કરી અને બાકી બચેલી બહેનો પાસે ઓવર ટાઈમ કામ કરાવી તેના પણ પૈસા આપવા નથી આવ્યા ફરિયાદ કરવા જાય તો તમે ગુજરાતીઓ કામને લાયક નથી એવા શબ્દ સંભળાવવામાં આવે છે. કંપનીના મેનેજર દ્વારા ત્યારબાદ આદિવાસી સમાજની બહેનો દ્વારા આદિવાસી આગેવાન ભાવિન ચૌધરી તથા જીગર ગામિતનો સંપર્ક કર્યો હતો.





ત્યારબાદ આ મહિલા બહેનો સાથે રૂબરૂ કંપનીમાં જય માલિક અને મેનેજર ને મળીને પગાર આપવા અને નોકરી પર રાખવા માટે જણાવ્યું હતું,

પરંતુ કંપનીમાં કામ કરતા મહિલા કર્મચારીઓ દ્વારા જણાવવામાં આવેલ કે સુપરવાઇઝર, ડિયો અને મેનેજર દ્વારા અમને ટોર્ચર કરવામાં આવે છે એવું પણ બહેનો દ્વારા જણાવવામાં આવેલ કે અમને પૈસા પણ આપવામાં આવતા નથી અને મહિલાઓને ૧૦ થી સાંજે સાત વાગ્યા સુધી નોકરીએ આવવા માટે કંપનીના કર્મચારી દ્વારા કહેવામાં આવે છે.કંપની આવું નહી એવું મેનેજર દ્વારા અને સુપરવાઇઝર દ્વારા જણાવવામાં આવે છે.

**કંપનીમાં કામ કરતા મહિલા કર્મચારીઓ દ્વારા જણાવવામાં આવેલ કે સુપરવાઇઝર, ડિયો અને મેનેજર દ્વારા અમને ટોર્ચર કરવામાં આવે છે એવું પણ બહેનો દ્વારા જણાવવામાં આવેલ કે અમને પૈસા પણ આપવામાં આવતા નથી અને મહિલાઓને ૧૦ થી સાંજે સાત વાગ્યા સુધી નોકરીએ આવવા માટે કંપનીના કર્મચારી દ્વારા કહેવામાં આવે છે.**

## પારડી ને. હાઈવે બ્રિજ પર કોક્રીટનો માર્ગ બનવાથી ટ્રાફિક ઘટશે

પારડી- પારડી વલસાડી ઝાંપા પાસે હાઈવે બ્રિજ નો હાઈવે માર્ગ વરસાદમાં ધોવાણ થઈ ગયો હતો. જેને અડધો જ માર્ગ સિમેન્ટ ક્રોક્રીન્ટનો બનાવવામાં આવ્યો હતો.

તેનાં કારણે તે માર્ગ પર અકસ્માતો અને અકસ્માતમાં મોત થઈ રહ્યાં હતાં. તેમજ તે હાઈવે માર્ગ પર કાયમ ટ્રાફિક જામની સમસ્યા રહેતી હતી. પરંતુ હવે અધુરો હાઈવે માર્ગ પણ સિમેન્ટ ક્રોક્રીન્ટનો બનાવવાની કામગીરી શરૂ કરતાં હવે અકસ્માતો ઘટશે



અને લોકો રાહત અનુભવશે.

વોઈસ ઓફ આદિવાસી
ગુજરાતી સાપ્તાહિક (નવસારી)
VOICE OF ADIVASI
(WEEKLY)-NAVSARI

## તાપી જિલ્લાના વાજબી ભાવની દુકાનોના દુકાનદારોને તાત્કાલિક ધોરણે વિતરણ અંગે ચલણ સંબંધિત કામગીરી કરવા તથા નાણાની ભરપાઈ કરવા અનુરોધ



તાપી -વાજબી ભાવની દુકાનના એસોસીએશનનાં રજુઆતનાં સંદર્ભે વાજબી ભાવની દુકાનના એસોસીએશનનાં પ્રતિનિધિ સાથે પડતર માંગણીઓ સંદર્ભે અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનાં વિભાગ ખાતે બેઠક યોજવામાં આવી હતી. જેમાં તેઓનાં આવેદન પત્રની કુલ-૨૦ માંગણીઓ પૈકી ૧૧ જેટલા મુદ્દા સાથે હકારાત્મક અભિગમ દાખવી વિભાગ દ્વારા સંબંધિત કચેરીઓ તેમજ જિલ્લા કક્ષાએ વહિવટી તંત્ર અને પુરવઠા તંત્રને લેખિતમાં સુચના આપવામાં આવી છે. નવેમ્બર માસનાં વિતરણ માટે નોધપાત્ર સસ્તા અનાજનાં દુકાનદારોએ ચલણ ભરવાની કામગીરી પુર્ણ કરી છે.

જાહેરહિત અને સાંપ્રત વાવાઝોડાની પરિસ્થિતિ ધ્યાને લઈ NFSA હેઠળ નોંધાયેલ ૩.૫ કરોડ જેટલા લાભાર્થીનાં હિતને ધ્યાને રાખી બાકી રહેલા વાજબી ભાવની દુકાનદારોને તાત્કાલિક ધોરણે વિતરણ અંગે ચલણ સંબંધિત કામગીરી કરવા તથા નાણાની ભરપાઈ કરવા આગ્રહભર્યો અનુરોધ કરવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, દેશનાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનાં વિઝન અને મિશનથી પ્રેરિત થઈને ગુજરાત રાજ્યનાં મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની સંવેદનશીલ સરકારનાં માર્ગદર્શન હેઠળ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત હાલ રાજ્યમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ નોંધાયેલ રેશનકાર્ડ લાભાર્થીઓ આવશ્યક ચીજવસ્તુઓનો લાભ મેળવી રહ્યા છે.

## વાંસદાના ચાપલધરામાં દમણગંગા બલ્ક લાઈનનાં કામમાં બેદરકારી, પાઇપલાઇનનો એક પાઇપ ગાયબ થતાં કામગીરી સામે પ્રશ્નાર્થ



વાંસદા- વાંસદા તાલુકામાં દમણગંગા બલ્ક લાઈન અંતર્ગત ચાલતા કામમાં બેદરકારી સામે આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો કહેવાતો ડ્રીમ પ્રોજેક્ટ કે ગામે ગામ અને ઘરે ઘરે પીવાનું મળી રહે તેના માટે કરોડો રૂપિયાના ખર્ચથી પાણીની લાઈન નાંખવાનું કામ ચાલુ હોય ત્યારે વાંસદા તાલુકાના ચાપલધરા ગામે કામગીરી હજુ તો ચાલુ છે અને પાઇપલાઈનના પાઇપ બહાર જોવા મળે છે ત્યારે લાઈને જોડતો વચ્ચેનો એક પાઇપ સ્થળ પાસેથી જાણે ગાયબ થઇ ગયો છે ત્યારે એજન્સી અને અધિકારીઓની કામગીરી પર પ્રશ્નાર્થ ઉદભવે છે.

શું નલ સે જલ અને પાણી પુરવઠાની બીજી યોજનાઓની જેમ આ યોજના પણ કાગળ પર કારગત સાબિત થશે કે શું ? સ્થાનિકોના જણાવ્યા મુજબ પાઇપ લાઈન નાંખ્યાના થોડા દિવસમાં જ પાઇપ પરની માટીનું ધોવાણ થઇ ગયું હતું ત્યારે જોવું રહ્યું કે સંભવિત વિભાગ શું પગલાં લેશે ?

### નવસારી મનપાનો પ્લાસ્ટિક વિરોધી સપાટો

## ૭૮ વેપારીઓ પાસેથી ૪૫૮ કિલો પ્લાસ્ટિક જપ્ત કરી ૨.૪૨ લાખનો દંડ ફટકાર્યો



નવસારી- નવસારી મહાનગરપાલિકા વિસ્તારમાં પ્લાસ્ટિક મુક્ત અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જેમાં ૭૮ વેપારીઓ અને ઈસમો વિરુદ્ધ કાર્યવાહીની નોટીસ ફટકારી ૪૫૮ કિલોગ્રામ જેટલું પ્રતિબંધિત સિંગલ યુઝ પ્લાસ્ટિક જપ્ત કરી રૂ.૨.૪૨ લાખ દંડ વસૂલ કરવામાં આવ્યો હતો.

નવસારી મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતા અને પર્યાવરણની જાળવણીના ભાગરૂપે, પ્લાસ્ટિક મુક્ત અભિયાનનો ૧થી ૩૧ઓક્ટોબર ૨૦૨૫ દરમિયાન સફળતાપૂર્વક આયોજન અને અમલ કરવામાં આવ્યો હતો. મનપાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ ટીમ દ્વારા શહેરના વિવિધ માર્કેટ પ્લેસ, હોટેલ, રેસ્ટોરન્ટ, ટેકઅવે પોઈન્ટ અને ફૂડસ્ટોલ સહિતના સ્થળોએ સપાટીઓ હાથ ધરવામાં આવી હતી.

મનપાની ટીમ દ્વારા તપાસ કરી નિયમોનું ઉલ્લંઘન કરનારા ૭૮ જેટલા વેપારીઓ અને ઈસમો વિરુદ્ધ કાર્યવાહીની નોટિસ ફટકારવામાં આવી હતી. ૪૫૮ કિલોગ્રામ પ્રતિબંધિત સિંગલ યુઝ પ્લાસ્ટિક જપ્ત કરી રૂ.૨.૪૨ લાખ દંડ વસૂલ કરવામાં આવ્યો હતો.

આ સફળ અભિયાન શહેરને પ્લાસ્ટિક મુક્ત બનાવવાની દિશામાં એક મહત્ત્વનું પગલું છે, અને તંત્રએ તમામ નાગરિકોને નિયમોનું પાલન કરીને સહકાર આપવા વિનંતી કરી છે.

૧૨૦ માઇક્રોનથી ઓછી જાડાઈ ધરાવતા સિંગલ યુઝ પ્લાસ્ટિકના વપરાશ અને વેચાણ પરના સંપૂર્ણ પ્રતિબંધ અંગે જનજાગૃતિ ફેલાવાનો અને કડક અમલ કરાવવાનો હતો. ડ્રાઇવના પ્રારંભે જાહેર નોટિસ, સ્થળ પર જાગૃતિ અભિયાન અને નિયમિત ચેકિંગના માધ્યમથી નાગરિકો અને વેપારીઓને વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

## કમોસમી વરસાદથી દક્ષિણ ગુજરાતમાં શેરડી કાપણી અટકી:ખાંડ ઉદ્યોગને લાખોનું નુકસાન, મિલો બંધ થવાની ભીતિ

બારડોલી- દક્ષિણ ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસથી પડી રહેલા કમોસમી વરસાદ અને માવઠાના કારણે ખેડૂતો અને ખેતપેદાશોને મોટું નુકસાન થયું છે. ડાંગરના પાક બાદ હવે ખાંડ ઉદ્યોગ પણ સંકટમાં મુકાયો છે.

નવરાત્રી પછી શરૂ થતી શેરડીની પીલણ સીઝનને વરસાદે વિઘ્ન પહોંચાડ્યું છે. શેરડીની કાપણી અટકી પડતાં સુગર મિલોને લાખો રૂપિયાનું નુકસાન થવાની શક્યતા છે. વરસાદને કારણે શેરડીનો પુરવઠો બંધ થતાં મિલો બંધ કરવી પડે છે, જેનાથી ફરી ચાલુ કરવાનો ખર્ચ વધે છે.

જોકે, પાકને મોટું નુકસાન થયું નથી, પરંતુ પીલણ સીઝન પર ભારે અસર થઈ છે. આ વિસ્તારમાં ૦૮ થી વધુ સુગર મિલો આવેલી છે, જ્યાં દૈનિક ૫૦ હજાર ટન શેરડીનો પુરવઠો આવતો હોય છે. વરસાદના કારણે આ સમગ્ર પ્રક્રિયા અટકી પડી છે.

કમોસમી વરસાદના કારણે મજૂરોને પણ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે, કારણ કે તેઓને સુરક્ષિત સ્થળ અને કામમાં અડચણ આવી છે. ખેડૂતોને પણ આર્થિક નુકસાન સહન કરવું પડી રહ્યું છે. જો વરસાદ ઘટશે તો જ સીઝન સરળતાથી શરૂ થઈ શકશે, અન્યથા ખાંડ ઉદ્યોગને વધુ નુકસાન થશે તેવી ભીતિ છે.

## નવસારીમાં સાયબર ફ્રોડથી લોકોને બચાવવા રાજ્યમાં સૌ પ્રથમ 'પોડ કાસ્ટ સિરીઝ' શરુ કરાશે

નવસારી- નવસારી જિલ્લા સહિત રાજ્યભરમાં છેલ્લા કેટલાક વર્ષોથી સાયબર ક્રાઇમની ઘટનાને ભારે વેગ મળ્યો છે. આ સાયબર ક્રાઇમમાં પણ બેઠકમાંથી બારોબાર પૈસા ઉપાડી લેવાની ઘટનાની સૌથી વધુ ફરિયાદો નોંધાય છે. માત્ર નવસારી જ વાત કરીએ તો રોજે રોજ ૮ થી ૧૦ થી ૧૨ છેતરપિંડીની અરજી આવી રહી છે તેવા સંજોગોમાં વર્ષે અંદાજે ૪૦૦૦ જેટલા ઓનલાઇન છેતરપિંડી ની ઘટનાઓ બની રહી છે

તેને રોકવા માટે નવસારી નવસારી જિલ્લા સાઇબર ક્રાઇમ વિભાગે એક અલગ પહેલ કરી છે અને લોકોને જાગૃત કરવા પ્રયાસો શરૂ કર્યા છે. નવસારી જિલ્લામાં દર મહિને ૩૦૦ થી ૩૫૦ જેટલી સાયબર ફ્રોડની અરજીઓને ધ્યાન લેતા પોલીસ શતક બની છે પણ જ્યાં સુધી લોકોમાં જાગૃતિ નહીં આવે ત્યાં સુધી આવી ઘટનાઓ બનતી રહેશે તેને અટકાવવા નવસારી જિલ્લા સાયબર ક્રાઇમ વિભાગે નવસારી જિલ્લા પોલીસવડા રાહુલ પટેલના માર્ગદર્શન હેઠળ કામગીરી હાથ ધરી છે.

હું ઉમંગ એલ મોદી પોતે સાયબર ક્રાઈમ વિભાગ સંભાળું છું એટલે લોકોને સાઈબર ફ્રોડથી બચાવવા શરૂ કરેલી નવી પહેલમાં વધુમાં વધુ યોગદાન આપવાનો પ્રયાસ છે. જેને લઇ એક 'પોડ કાસ્ટ સિરીઝ' તૈયાર કરી છે. દોઢ મિનિટ ની એ રિલ્સમાં સાયબર ક્રાઇમથી કેવી રીતે બચી શકાય તેના ઉપાયો સવાલ જવાબના માધ્યમથી જણાવાયા છે. આ ઉપરાંત તેમાં ભોગ બનનાર વ્યક્તિ પણ કેવી રીતે બચી શકાય તેની માહિતી આપતા નજરે પડશે. પોલીસ માર્ગદર્શન આપતી






નજરે પડશે.

જેનાથી લોકો જાગૃત થાય. પહેલી સિરીઝ આ સપ્તાહમાં શરૂ થશે. જેને વધુમાં વધુ લોકો સુધી પહોંચાડવાનો પ્રયાસ કરાશે. રાજ્યમાં સૌપ્રથમ વખત નવસારીમાં જ આ પોડ કાસ્ટ સિરીઝ તૈયાર કરવામાં આવી છે જે અન્ય ને પણ પ્રેરણા આપશે અને વધુ ને વધુ લોકોને સાયબર ફ્રોડથી બચાવવામાં મદદ મળશે. જો કોઇની પણ સાથે ઓનલાઇન છેતરપિંડી થાય તો તરત જ હેલ્પ લાઇન નંબર ૧૯૩૦ ઉપર તેની માહિતી આપવી. જેથી નાણાકીય છેતરપિંડી રોકી શકાય.

હાલના સમયમાં લોકો સ્માર્ટ ફોનનો ઉપયોગ કરે છે અને નાણાંકીય વ્યવહાર પણ મોબાઈલ દ્વારા યુપીઆઈ દ્વારા કરે છે. ત્યારે સોશિયલ મીડિયામાં વિવિધ પ્રકારના લાલચ આપતી જાહેરાત આવે છે અને જાણે અજાણ્યે અજાણ્યા બટન પર ક્લિક કરી માંગ્યા મુજબ માહિતી આપતા હોય છે. અને નાણાંકીય રીતે ફટકો પડે છે અને ત્યારબાદ પોતે છેતરાયા હોય અને છેલ્લે સાયબર ક્રાઇમ બ્રાન્ચમાં ફરિયાદ સિવાય કોઈ આરો રહેતો નથી.

સાયબર ક્રાઇમ શું છે અને ક્યા ક્યા પ્રકારના સાયબર ક્રાઇમ લોકોને લાલચ આપી જાણ્યે અજાણ્યે છેતરે છે તેના ઉપર માહિતી અપાશે. જેમાં પોડકાસ્ટ સીરીઝ બનાવી દોઢ મિનિટની રીલ્સ બનાવાશે. પોલીસ કર્મી સાથે અસર ગ્રસ્ત પણ બનાવો કહેશે. અને કેવી રીતે ભોગ બનતા અટક્યા તે બાબતે જાણકારી આપીને અન્યને સાવચેતી રાખવી તે અંગે માહિતી આપશે.

## વડતાલમાં યોજાયો પાટોત્સવ, ૨૦૧ વર્ષ પહેલા મંદિરમાં શ્રી હરીએ કરી હતી આદિદેવોની સ્થાપના



સ્વામિનારાયણ સંપ્રદાયની રાજધાની વડતાલધામ ખાતે શિક્ષાપત્રી લેખન તથા આચાર્યપદ સ્થાપન દ્વિશતાબ્દી મહોત્સવ યોજાયો. જે અંતર્ગત રવિવારે (બીજી નવેમ્બર) મંદિરમાં બિરાજમાન શ્રી લક્ષ્મીનારાયણદેવ, શ્રી હરિકૃષ્ણમહારાજ સહિત આદિદેવોનો ૨૦૧મો વાર્ષિક પાટોત્સવ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજના હસ્તે ભવ્યતાથી સંપન્ન થયો હતો. વડતાલ મંદિરના ચેરમેન ડો. સંતવલ્લભદાસજી સ્વામીએ જણાવ્યું હતું કે, 'વડતાલધામ ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા અને ઉપાસનાનું કેન્દ્ર છે. શ્રી હરિએ આજથી ૨૦૧ વર્ષ પૂર્વે સ્વહસ્તે શ્રી લક્ષ્મીનારાયણદેવ, શ્રી હરિકૃષ્ણમહારાજ સહિત આદિદેવોની સ્થાપના કરી હતી. સવારે મંગળા આરતી બાદ પૂજ્ય આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજ, પૂ. લાલજી મહારાજશ્રી તથા મંદિરના બ્રહ્મચારી હરિસ્વરૂપાનંદજી, પ્રભાનંદજી સહિતના સંતો મહંતોના હસ્તે અભિષેક સંપન્ન થયો હતો. અભિષેક બાદ આચાર્ય મહારાજે યજમાન પરિવારના સભ્યોનું ફૂલહાર પહેરાવી સન્માન કર્યું હતું. ૨૦૧મા પાટોત્સવ અંતર્ગત દિવ્ય અન્નકૂટનું આયોજન કરવામાં આવ્યું હતું.


## ખેતરમાં સડી રહી શેરડી! ખેડૂતોની આંખમાં ચિંતા અને નિરાશા, સુગર મિલો હજુ શરૂ થયા નથી



નવસારી: દક્ષિણ ગુજરાતમાં શેરડી એક રોકડિયા પાક તરીકે પૂરતું મહત્ત્વ ધરાવતો પાક છે. મોટા પાયે શેરડીની ખેતી કરતાં ખેડૂતો આ વર્ષે વરસાદના કારણે હેરાન-પરેશાન થઈ ગયા છે. ૧૬ મહિને કપાઈ જતી શેરડીનો પહેલો હપ્તો લઈ લેવા છતાં, ખેડૂતોની શેરડી હજુ સુધી કપાઈ નથી. શેરડીના ખેતરમાં પાણી ભરાવાના કારણે મોટું નુકસાન થશે તેવી ભીતિથી ખેડૂતો ચિંતિત છે.

નવસારી સહિત સમગ્ર ગુજરાતમાં ૧.૩૪ લાખ હેક્ટરમાં શેરડીની ખેતી કરવામાં આવે છે. ૪.૫ લાખ ખેડૂતો આ ખેતી સાથે સંકળાયેલા છે. ૨૨ સહકારી શુગર મિલો છે, જેમાંથી ૧૩ કાર્યરત છે, જે ખેડૂતોના સંચાલનમાં છે અને દર વર્ષે ૪,૦૦૦ કરોડથી વધુનું ટર્નઓવર કરે છે. દર વર્ષે નવરાત્રી અથવા દશેરાના દિવસે શરૂ થતી આ સુગર મિલો આ વર્ષે નવેમ્બર સુધી પણ શરૂ થઈ શકી નથી. અનિયમિત ભારે વરસાદને કારણે ખેતરો સુધી પહોંચતા રસ્તા ન હોવાને કારણે શેરડીની કાપણી શક્ય બની નથી, જેના કારણે શુગર મિલ સંચાલકો ચિંતામાં મુકાયા છે.

## શહેરીકરણના વિકાસને વરેલુ ગામ ગણદેવીનું રહે જ



ગણદેવી-ગણદેવી નગરની ઉત્તર દિશાએ આવેલ રહેજ ગામ અને એનો શહેરીકરણનો વિકસેલ આધુનિક વિકાસ ઉડીને આંખે વળગે છે મૂળભૂત અસલગામ હજી સચવાયેલું રહે છે, જયારે થયેલો નવો વિકાસ મામલતદાર કચેરી, સરદાર ભવન, જય કિસાન હોસ્પિટલ, આત્મીય હોસ્પિટલ, આત્મીય શોપિંગ હબ, શોપિંગ મોલ, ત્રણ હાઉસિંગ સોસાયટીઓ તેમજ છેલ્લા બે દાયકામાં વિકસેલ તળાવ કિનારે ઉબાડિયાની હાટડીઓ કે જે મુંબઈથી વડોદરા સુધી ખૂબ જ વખણાય છે.

લોકો ખાવા આવે છે એ રહેજ ગામની ત્રણ દાયકાની સફર અને વિકાસ છે. બીજી તરફ દહેજ ગામનો હળપતિ વાસ પણ વિશાળ છે. હળપતિ વાસમાં આવેલ બે મંદિરો અને સુવિધા સાથેનો આ હળપતિવાસ પણ એટલો જ અસરકારક રહ્યો છે. સરપંચ મુકેશભાઈના જણાવ્યા મુજબ, રહેજ ગામની ખેતી હવે ધીમે ધીમે નહિવત રહી ગઈ છે. ગામ પંચાયતનું સુવિધા સજ્જ ઓફિસ અને મકાનએની બાજુમાં આવેલ નયનરમ્ય તળાવ રામજી મંદિર અને ગરબા ચોક

તેમજ પ્રાથમિક શાળા આટલા નાના ગામમાં થયેલો વિકાસ ઉડીના આંખે વળગે છે. શિક્ષિત ગામ છે, પશુ ઉછેર વ્યવસાય સાથે પણ સંકળાયેલું છે. આ ગામના વિદેશમાં વસતા સ્વદેશ પ્રેમીઓ ગામ માટે આર્થિક સહાયતા પૂરી પાડવા તત્પર છે. સેવા સમાજ ઓફ નોર્થ અમેરિકા પણ અત્રે સેવા કાર્યો કરે છે.

### સુરત ખેડૂત સમાજનું સ્નેહમિલન બારડોલીમાં યોજાયું

## ખેડૂતોના પ્રશ્નો પર ચર્ચા; મોટી સંખ્યામાં ખેડૂતો, મહિલાઓ અને બાળકો સહિત લોકો ઉપસ્થિત રહ્યા





**બારડોલી પંથકના સહકારી અગ્રણીઓ ભીખા ઝવેર પટેલ, બાબુ વનમાળી પટેલ, હસુ મગન પટેલ, ડો. ખુશાલ પટેલ અને દર્શન નાયક સહિતના મહાનુભાવો હાજર રહ્યા હતા. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ખેડૂતો સંગઠિત રહેશે તો તેમનો વિકાસ નિશ્ચિત છે.**

બારડોલી- સુરત જિલ્લા ખેડૂત સમાજ દ્વારા બારડોલીના અસ્તાન કન્યા વિદ્યાલય ખાતે સ્નેહ મિલન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ખેડૂતો, તેમના પરિવારોની મહિલાઓ અને બાળકો સહિત લોકો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ ખેડૂતોના હિતો પર ચર્ચા કરવાનો અને તેમને સંગઠિત રહેવા માટે પ્રોત્સાહિત કરવાનો હતો. અગ્રણીઓએ ખેડૂતોને વિવિધ પ્રશ્નો અને સમસ્યાઓનો સામનો કરવા એકજૂટ થવા હાકલ કરી હતી.

આ પ્રસંગે બારડોલી પંથકના સહકારી અગ્રણીઓ ભીખા ઝવેર પટેલ, બાબુ વનમાળી પટેલ, હસુ મગન પટેલ, ડો. ખુશાલ પટેલ અને દર્શન નાયક સહિતના મહાનુભાવો હાજર રહ્યા હતા. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ખેડૂતો સંગઠિત રહેશે તો તેમનો વિકાસ નિશ્ચિત છે.

સંમેલનમાં ઉપસ્થિત મહિલાઓને પણ ખેડૂતોના પ્રશ્નોમાં સાથ આપવા અપીલ કરવામાં આવી હતી. આઝાદીની લડતની જેમ ભવિષ્યમાં જરૂર પડ્યે મહિલાઓ ખેડૂતોને સાથ આપે તેવી અપેક્ષા વ્યક્ત કરાઈ હતી.

વક્તાઓએ સરદાર પટેલે યુવાનીમાં ખેડૂતો પર થતા અત્યાચાર સામે લડત આપી હતી તેનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે યુવા આગેવાન પરિમલ પટેલને સાથ આપી ખેડૂતોના પ્રશ્નોને વાચા આપવા અને સામૂહિક લડત આપવા અનુરોધ કર્યો હતો.

પ્રવચનો ઉપરાંત, કાર્યક્રમમાં સંગીત સંધ્યા, બાળકો માટે રમતગમત અને ફટાકડાનું પણ આયોજન કરાયું હતું, જેમાં સૌએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમના અંતે, તમામ ખેડૂત પરિવારોએ પ્રીતિભોજનનો આનંદ માણ્યો હતો.

વોઈસ ઓફ આદિવાસી
ગુજરાતી સાપ્તાહિક (નવસારી)
VOICE OF ADIVASI
(WEEKLY)-NAVSARI

## તંત્રી લેખ...



**તંત્રી–શૈલેશભાઈ વી.પટેલ**
**(સન ઓફ આદિવાસી)**

### મન આપણાં સંકલ્પ-વિકલ્પથી ભરેલું છે

આ વું જો આપણે અનુભવી શખીએ તો, જીવનમાં આનંદનો વિશાળ પ્રદેશ ખુલ્લો જ થઈ જાય આમ માણસ ઈચ્છે કે ન ઈચ્છે તો પણ એ જિંદગીનો પ્રવાસી જ રહેવાનો છે, કાળ તેને મૂક્તો જ નથી.

માણસની મુશ્કેલી એ છે કે પોતે જીર્ણ શીર્ણ થવા છતાં, તેમની તૃષ્ણા, કામના વાસના ઈચ્છા, વગેરે જીર્ણ શીર્ણ થતાં જ નથી, આમ આસક્તિ યુક્ત જીવનથી માણસ ઉડા વમળમાં અટવાય છે. અને ફસાય છે, અને માણસ વાસનાના ચકારવે ચડે છે, એક વાંસના પૂરી થાય ત્યાં બીજી ઊભી જ હોય છે.

માણસ આટલું પૂરું થઈ જાય પછી, બસ આરામ કરીશ, એમ એનું મન માને છે, પણ મન પોતે જ શુધ્ધ એકાગ્ર સ્થિર ન હોવાથી એક વળગણ પૂરું થાય ત્યાં બીજું વળગણ મનમાં આવીને ઊભું જ રહે છે, આમ કદી પણ માણસ વાસના રહિત થઈ જ શકતો નથી. તે માણસના મનની નબળી કડી છે, તેથી જ માણસે આંતર સાધના એટલે કે સ્વ સ્વરૂપનો સ્વાધ્યાય અને સ્વ સ્વરૂપની સતત નિરીક્ષણ કરી ધ્યાન દ્વારા માણસે પોતાની પરમ ચેતનામાં સ્થિર થઈ પ્રજ્ઞા અંતરમાંથી પ્રાપ્ત કરી જાગૃતતા પૂર્વક જીવન જીવવાથી જ માણસ સત્ય સ્વરૂપ જીવન જીવી શકે છે. જેથી તે વાંસના કામના અને અહકારથી મુક્ત થઈ શકે છે, આમ અજ્ઞાન નાબૂદ થતાં જ્ઞાનમાં સ્થિરતા એજ વાસના વગેરેથી મુક્તિ છે.

આજનો માણસ સ્થળ જગતના સ્વપ્નમાં જ રાચતો હોય છે. તેથી પરમ શાંતિ અનુભવી શક્તો નથી જયારે બહુજ ઓછા લોકો પોતાની રીતે આંતર સાધના કરી પોતાની પરમ ચેતનાની જાગૃતતા પૂર્વક સત્ય સ્વરૂપ જીવન જીવીને પોતાના સ્વપ્નમાંથી વાસનના, કામનાના ઈચ્છાના અને આસક્તિના અને અહંકારના વમળમાંથી બહાર આવીને પરમ સત્યની જાખી કરતાં હોય છે, એજ સત્ય ધર્મના ઉપાસકો હોય છે.

આમ માણસ જીવનના ક્યા આધાર પર ઊભો છે એટલે કે આસક્તિ કે અનાસક્તિ, તેના પરજ એના જીવનના આનંદનાં ફૂલ ખીલે છે, જયાં સુધી માણસ પોતાના શરીરને મનને જ મૂળ આધાર માંને છે, આસક્તિ યુક્ત જીવી તેની જ સેવા ચાકરી કરે છે, ત્યાં સુધી જીવનમાં મીઠાશ સાથે ખારાશ સ્વાદની સાથે સડો રેવાનાજ ત્યાં સુધી તે પોતાના મનની સ્થિરતા શુધ્ધતા કરી શકશે જ નહિ.

માણસે પોતાની અંદર ને અંદર તેણે પોતાના સત્યના આધારની ખોજ કરવાની રહે છે અને અનાસક્ત ભાવમાં સ્થિર અંદર ઉતરતા અંતિમ આધાર સત્યનો મળે છે. ત્યાર પછી જ કશું પણ આધાર જેવું રેવાજ પામતું નથી, પછી તો આસક્તિ મોહ મમતા અહંકાર વગેરેનું મૂળ જ કપાઈ જતાં, સાચી સત્ય સ્વરૂપ સુમધુર આનંદ સાથે અમૃત ફળની પ્રાપ્તિ આજ આત્મતૃપ્તિ સંતૃપ્તિ તૃપ્તિ તદ્રુપતાં અને અભયના લોકમાં જવાનો માર્ગ છે.

આ વખતે આપણાં મનને ખુશ કરવા માટે ખસકેલા તમામ સરંજામ આપણાં હાથથી જ હટાવવા પડે છે. આવી આપણી અંદરનો પ્રવાસી કોઈ રૂપકડા રાચ રચીલામાં અટવાઈ ન પડે તેની તકેદારી રાખવાની તો રહે જ છે.

## તાપી જિલ્લામાં કામોસમી વરસાદી નુકસાન બાદ વહીવટી તંત્ર દ્વારા તમામ તાલુકાઓમાં સર્વે કામગીરી તેજગતિએ

### ખેડૂત હિતને પ્રાથમિકતા આપતા રાજય સરકારના નિર્દેશ મુજબ કુલ ૧૨૮ સર્વે ટીમો યુદ્ધના ધોરણે કાર્યરત

તાપી- ઓક્ટોબર-૨૦૨૫ ના છેલ્લા અઠવાડિયામાં થયેલા કમોસમી વરસાદને કારણે તાપી જિલ્લાના અનેક વિસ્તારોના પાકમાં નોંધપાત્ર નુકસાન થયાની માહિતી પ્રાપ્ત થતા રાજયના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કૃષિ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીના માર્ગદર્શન હેઠળ વિલેજ યુનિટ આધારિત પાક નુકસાન સર્વે કામગીરી તાત્કાલિક શરૂ કરવામાં આવી છે.

તાપી જિલ્લાના ૦૮ તાલુકાઓ વ્યારા, વલોડ, નિઝર, ઉચ્છલ, કુકરમુંડા, સોનગઢ, ઉકાઈ અને ડોલવનના કુલ ૫૧૮ ગામોમાં વરસાદી નુકસાન નોંધાયું છે. જિલ્લામાં મુખ્યત્વે ડાંગર, જુવાર, તુવેર, મકાઇ, કપાસ, તેમજ શાકભાજી જેવા પાકોને ભારે નુકશાન થવા પામ્યુ છે. પાક નુકસાનના મૂલ્યાંકન માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગ્રામસેવક ખેતી, તલાટી કમ મંત્રી, કૃષિ સહાયક તથા સ્થાનિક કર્મચારીઓ સહિતની કુલ ૧૨૮ ટીમોની રચના કરી યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરવામાં આવી છે.આ ટીમો ગામ-ગામની મુલાકાત લઇ સરપંચશ્રી, ગ્રામ પંચાયતો તથા ખેડૂત આગેવાનોની હાજરીમાં નુકસાનગ્રસ્ત ક્ષેત્રનું નિરીક્ષણ કરી પંચરોજકામ અનુસાર



માહિતી સંકલિત કરી રહી છે.

જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી ચેતન ગરાસિયાએ જણાવ્યું કે કામોસમી વરસાદના કારણે તાપી જિલ્લાના ૫૧૮ ગામોના અંદાજિત ૧ લાખ ૧ હજાર હેક્ટર વાવેતર વિસ્તારમાં નુકસાની નોંધાય છે. તમામ નુકશાનગ્રસ્ત ગામોમાં ખેતીવાડી વિભાગની કુલ ૧૨૮ ટીમો દ્વારા ઝડપથી સર્વે કામગીરી કરવામાં આવી રહી છે. ગત તારીખ ૨ ઓક્ટોબર સાંજ સુધીમાં સર્વે ટીમ દ્વારા અંદાજિત ૨૨ હજાર હેક્ટર વિસ્તારમાં સર્વેની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.આ સાથે જિલ્લામાં અસરગ્રસ્ત થયેલ તમામ ગામોની અંદર પાક નુકશાનીના પ્રાથમિક સરવે માટે પંચ રોજકામની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે જે આજ ૩ ઓક્ટોબરના સાંજ સુધી સરવે પૂર્ણ થઈ જશે.

વધુમાં ઉમેર્યું હતું કે સર્વે અને પંચ રોજકામની કામગીરી પૂર્ણ થયેથી તમામ ગામોના નુકસાની અંગેનો વિગતવાર અહેવાલ સરકારશ્રીમાં મોકલી આપવામાં આવશે. ત્યાર બાદ સરાકર માંથી ચૂકવણા માટે જે માર્ગદર્શન સૂચનો મળશે તે મુજબ જિલ્લા માંથી પાક નુકશાની અંગે ચૂકવણું કરવામાં આવશે.

## બોટ પર કામ કરતા ઉત્તરપ્રદેશના ખલાસીનું શંકાસ્પદ મોત, પત્નીની કલેક્ટરમાં ન્યાયની ધા



વસારી- નવસારી જિલ્લામાં બોટ ઉપર કામ કરવા આવેલ ઉત્તર પ્રદેશના શ્રમજીવીનું કામ કરતી વેળાએ અકસ્માતે બોટમાંથી પડી જતા મોત થયું હતું. આ બાબતે મૃતકની પત્નીએ એડવોકેટ કનુભાઇ સુખડીયા મારફતે કલેકટરને લેખિતમાં રજૂઆત કરી ન્યાયની માંગ કરી હતી.

એડવોકેટ કનુ સુખડિયા એ માહિતી આપતા જણાવ્યું કે મૂળ યુપીના અભિષેક સિંહ નવસારીમાં આવેલ ભાગ્યલક્ષ્મી બોટના માલિક નસીબભાઈને ત્યાં ખલાસી તરીકે કામ કરવા આવ્યો હતો. ૯ ઓક્ટોબરે અભિષેકભાઈ ઉર્ફે સલ્લુભાઈની પત્નીએ નસીબભાઈ સાથે મોબાઈલ ઉપર વાતચીત થઈ હતી કે તમારો પતિ અભિષેક ઉર્ફે સલ્લુ દારૂ પીને બોટમાં સુતેલો છે.

પત્નીએ બોટમાં દારૂ ક્યાંથી આવ્યો એમ પૂછતાં તેઓએ જણાવ્યું કે તેમણે જ દારૂ પીવા આપ્યો હતો. બાદમાં બીજા દિવસે પતિ અભિષેકને ફોન કરતા માત્ર રિંગ જ વાગતી હતી અને ત્યારબાદ ફોન સ્વીચ ઓફ આવતો હતો. સાંજે કોઈએ તેણીને ફોન પર અભિષેક દરિયામાં પડી ગયો છે એમ કહી ફોન કટ કરી નાંખ્યો હતો.

તા.૧૧ ઓક્ટોબરના રોજ તેણી પર પોલીસનો ફોન આવ્યો કે અભિષેકનો મૃતદેહ મળ્યો છે. તેને લેવા માટે તેના પરિવારજનો યુપીથી ગયા હતા. મૃતક અભિષેકની પત્નીએ પતિનું મોત અકસ્માત કે હત્યા એ બાબતે તપાસ કરી આર્થિક સહાય કરવા જણાવ્યું હતું.

નવસારી જિલ્લામાં પણ કાંઠા વિસ્તારમાં આવેલી ઘણી બોટમાં કામ કરવા જતા ઘણાં સ્થાનિક અને પરપ્રાંતીય ખલાસીઓના બોટમાંથી પડી જતા અકસ્માતમાં મોત થયા તો ઘણીવાર કુદરતી મોત પણ થયા છે. આ બાબતે બોટના માલિક દ્વારા સહાય પૂરતી ન ચૂકવતા ઘણીવાર મૃતકના પરિવારજનો સાથે સંઘર્ષની ઘટના બનતી હોય છે. આ બાબતે પોલીસ તપાસમાં કાચુ ન કપાય તે માટે બોટના માલિકોને માર્ગદશન અપાય તેવી માંગ ઉઠી છે.

## માવઠાથી શેરડીની કાપણી અટકી ૮ વધુ મિલોમાં ઉત્પાદન ખોરવાયું

છેલ્લા કેટલાક દિવસોથી સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં પડી રહેલા કમોસમી વરસાદ અને માવઠાને કારણે જગતના તાત ગણાતા ખેડૂતો અને ખેતીના પાકને ગંભીર અસર પહોચી છે. ડાંગર જેવા ખરીફ પાકો પછી હવે ખાંડ ઉદ્યોગ પણ સંકટમાં આવી ગયો છે.



નવરાત્રી પૂર્ણ થયા બાદ શરૂ થતી શેરડીની પીલણ (પેરાણ) સીઝનને આ વરસાદે મોટું વિઘ્ન પહોચાડ્યું છે. જો વરસાદનું પ્રમાણ ઝડપથી ઘટે તો જ પીલણ સીઝન સરળતાથી અને સમયસર શરૂ થઈ શકે છે, અન્યથા ખાંડ ઉદ્યોગને વધુ મોટો ફટકો પડી શકે છે.

માંડમાંડ નવી પીલણ સીઝનની શરૂઆત થવાની હતી, ત્યારે કમોસમી વરસાદે તમામ કામગીરીને અસર કરી છે. વરસાદને કારણે ખેતરોમાં પાણી ભરાઈ જતાં શેરડીની કાપણી સંપૂર્ણપણે અટકી પડી છે. પરિણામે, સુગર મિલોમાં શેરડીનો પુરવઠો આવતો બંધ થઈ ગયો છે પુરવઠાના અભાવે સુગર મિલોને બંધ કરવી પડે છે, જેના કારણે ઉત્પાદન અટકે છે. સૌથી મોટી વાત એ છે કે મિલ બંધ થયા પછી તેને ફરી ચાલુ કરવા માટેનો ખર્ચ પણ ઘણો વધારે હોય છે. આ રીતે સુગર મિલોને લાખો રૂપિયાનું નુકસાન થવાની શક્યતા છે આ કમોસમી વરસાદે સુગર ફેક્ટરીઓમાં કામ કરતા મજૂરો માટે પણ મુશ્કેલીઓ વધારી દીધી છે. વરસાદી માહોલમાં તેઓને રહેવા અને કામ કરવા માટે સુરક્ષિત જગ્યા શોધવી પડી રહી છે અને તેમનું દૈનિક કામ પણ અસરગ્રસ્ત થયું છે.

હાલમાં દક્ષિણ ગુજરાતમાં ૮થી વધુ સુગર મિલોમાં શેરડીની કાપણીની સીઝન શરૂ થવાની તૈયારીમાં છે. સરેરાશ પ્રતિદિન ૫૦ હજાર ટન શેરડીનો પુરવઠો કાપણી કરીને મિલોમાં આવતો હોય છે. પરંતુ વરસાદી વાતાવરણને કારણે આ સંપૂર્ણ પ્રક્રિયા અટકી પડી છે.

જોકે, રાહતની વાત એ છે કે શેરડીના તૈયાર પાકને આ વરસાદથી કોઈ મોટું નુકસાન થયું નથી, પરંતુ સીઝન મોડી થવાથી અને કામગીરી ખોરવાઈ જવાથી આર્થિક નુકસાન મોટું છે. જેની અસર ખેડૂતોને પણ થશે. દ.ગુજરાતની ૮ મિલમાં સરેરાશ ૫૦ હજાર ટન પુરવઠો અટક્યો

**નવસારીમાં લોકલ ક્રાઇમ બ્રાન્ચની ટીમે ચોરીનો ભેદ ઉકેલ્યો**

## બે દુકાનોમાં ચોરી કરનાર તસ્કરને ઝડપી પાડ્યો, રૂ. ૫૦,૦૦૦ જપ્ત કર્યા

નવસારી- નવસારી જિલ્લાના નવસારી ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં નોંધાયેલા રાત્રી ઘરફોડ ચોરીના બે વણશોધાયેલા ગુનાઓનો નવસારી લોકલ ક્રાઇમ બ્રાન્ચ દ્વારા ભેદ ઉકેલવામાં આવ્યો છે. કઈઇ ટીમે ચોરીના આરોપીને રૂ. ૫૦,૦૦૦ ની રોકડ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



પોલીસને તપાસ દરમિયાન બાતમી મળી હતી. બાતમી મુજબ, નવસારી જુનાથાણા કોર્ટ સામે આવેલ ગુરુકૃપા ઝેરોક્ષ એન્ડ સ્ટેશનરી તથા દુધિયા તળાવ મહાનગરપાલિકા શોપિંગ સેન્ટરમાં આવેલ એમ્પાયર ઇલેક્ટ્રોનિક્સ નામની દુકાનોમાં ચોરી કરનાર ઇસમ હાલમાં નવસારી રેલવે સ્ટેશન નજીક ગરનાળા પાસે આંટાફેરા મારી રહ્યો છે. આ બાતમીના આધારે કઈઇ ટીમે વોચ ગોઠવી આરોપી સદ્દામ ઉર્ફે કકુ અબ્દુલહક રેની (ઉં.વ. ૩૬) ને પકડી પાડ્યો હતો.

પકડાયેલા આરોપી સદ્દામ ઉર્ફે કકુની પૂછપરછમાં તેણે ચોરીની કબૂલાત કરી હતી. તેણે જણાવ્યું કે આશરે બે મહિના પહેલા રાત્રીના ૧૧:૦૦ વાગ્યાના સુમારે તે ભેસ્તાન રેલ્વે સ્ટેશનથી ટ્રેનમાં બેસી નવસારી આવ્યો હતો. અહીં તેણે નવસારી કોર્ટની સામે આવેલ ગુરુકૃપા સ્ટેશનરીની દુકાનનું તાળું તોડી ચાંદીના સિક્કા, ટેબલના ખાનામાંથી રોકડા રૂ. ૩,૦૦૦ તથા સ્ટેશનરીનો સામાન અને એક બેગની ચોરી કરી હતી.

આ ઉપરાંત, આરોપીએ તારીખ ૧૯/૦૯/૨૦૨૫ ના રોજ રાત્રીના ૧૧:૦૦ વાગ્યાના સુમારે સચીન રેલ્વે સ્ટેશનથી ટ્રેનમાં બેસી નવસારી આવી ચોરી કર્યાની કબૂલાત કરી હતી. તેણે નવસારી ટાટાહોલ નજીક શોપિંગ સેન્ટરમાં આવેલ એમ્પાયર ઇલેક્ટ્રોનિક્સ (ડી.જે. ની દુકાન) નું તાળું તોડી દુકાનના ગલ્લામાંથી રોકડા રૂ. ૧,૦૦,૦૦૦ ની ચોરી કરી હતી.

પકડાયેલ આરોપી સદ્દામ ઉર્ફે કકુ અબ્દુલહક રેની (ઉંમર ૩૬ વર્ષ) હાલ નરી મસ્જીદ પાસે, અલીફનગર-૧, નુરાની હોટલની સામે, ઉન પાટીયા, સુરતનો રહેવાસી છે. તેનું મૂળ રહેઠાણ ગાંધીનગર મોટી મસ્જીદ પાસે, ઉતરૌલા, તા. ઉતરૌલા, જિ. બલરામપુર-રામાનુજગંજ, ઉત્તરપ્રદેશ છે. પોલીસે તેની પાસેથી ૫૦૦ ના દરની રૂ.૧૦૦ ભારતીય ચલણી નોટો મળી કુલ રૂ. ૫૦,૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

**રાત્રીના ૧૧:૦૦ વાગ્યાના સુમારે તે ભેસ્તાન રેલ્વે સ્ટેશનથી ટ્રેનમાં બેસી નવસારી આવ્યો હતો. અહીં તેણે નવસારી કોર્ટની સામે આવેલ ગુરુકૃપા સ્ટેશનરીની દુકાનનું તાળું તોડી ચાંદીના સિક્કા, ટેબલના ખાનામાંથી રોકડા રૂ. 3,000 તથા સ્ટેશનરીનો સામાન અને એક બેગની ચોરી કરી હતી.**

## કંબાડાથી પસાર થતા હાઇવે પર બે વાહનો અથડાતા ૧ ચાલકનું મોત

નવસારી- નવસારી તાલુકામાંથી પસાર થતા નવસારી ચેન્નાઈ એક્સપ્રેસ હાઇવે પર અજાણ્યા વાહન ચાલકે એક્ટિવાને ટક્કર મારતા એકનું મૃત્યુ, એક ઈજાગ્રસ્ત થતા અકસ્માત મોતનો ગુનો નોંધાયો. નવસારી તાલુકાના કંબાડા ગામની હદમાંથી પસાર થતા મુંબઈ-દિલ્હી એક્સપ્રેસ હાઇવે નંબર ૦૪ પર અકસ્માતની ઘટના બની હતી.

ફરિયાદી અમિત નરેશભાઈ પટેલ (રહે. ખુંધ પોકડા, ચીખલી) એ ફરિયાદમાં જણાવ્યું છે કે, એક અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન પૂર ઝડપે અને ગફલતભરી રીતે ચલાવીને તેમની હોન્ડા એક્ટિવા (રજી.નં. ઉં ૨૧ ઇક ૯૩૪૬) ને સામેથી જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કરના કારણે એક્ટિવા ચાલક યશ નગીનભાઈ પટેલ (ઉ.વ.૨૫, રહે. મોરલી, ગણદેવી)ને માથાના ભાગે ગંભીર ઈજા થતાં તેમનું ઘટનાસ્થળે જ મૃત્યુ નિપજયું હતું.

જયારે ફરિયાદી અમિતભાઈને દાઢી, પગના ઘૂંટણ અને છાતીના ભાગે સામાન્ય ઈજાઓ પહોચી હતી.

## વાંસદા કોટેજ હોસ્પિટલનાં શૌચાલયમાં નિયમિત સફાઇના અભાવે ઠેર ઠેર ગંદકી

વાંસદામાં આવેલ સરકારી કોટેજ હોસ્પિટલમાં મોટી સંખ્યામાં દર્દીઓ સારવાર અર્થે આવતા હોય ત્યારે તેમની ઉપલબ્ધી માટે સરકારે કરોડોના ખર્ચે મોટી હોસ્પિટલનું નિર્માણ કર્યું જેમાં ગરીબ માણસને મફતમાં ઘર આંગણે સારી સારવાર મળી શકે પરંતુ હોસ્પિટલમાં ચાલતી લાલીયાવાડીના કારણે નિયમિત સફાઈ થતી નહિ હોય તેવા દ્રશ્યો સામે આવી રહ્યા છે શૌચાલય અને મૂતરડીમાં સફાઈના અભાવે અતિ દુર્ગંધ ફેલાયેલી રહે છે.

ઘણા સમયથી અહીં સફાઈ થઈ જ ન હોય તેવું લાગી રહ્યા હોવાનું દર્દીઓના સંબંધીઓ જણાવી રહ્યા છે ત્યારે મૂતરડી ગંદકીથી ઊભરાતી હોવાની ફરિયાદ ઊઠી છે.પરંતુ આ હોસ્પિટલમાં મુતરડીની ગંદગી તંત્રના સ્વચ્છતા અભિયાનનો છેદ ઉડાડી દીધો છે. હોસ્પિટલના અંદર ખદબદતી ગંદકી સામે અવાજ ઉઠાવવામાં નિષ્ફળ લોકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. હાલ તો ગંદકીના સામ્રાજયે એટલી માઝા મૂકી છે કે તેમાં પગ મૂકવામાં પણ ભારે પરેશાની વેઠવી પડે છે.

ઠેર-ઠેર ગંદકી અને મળમૂત્રથી ભરેલી જોવા મળે છે સફાઈના નામે મીંડુ જોવા મળે છે. ઘણા વખતથી લોકોની ફરિયાદ હોવા છતાં પણ હોસ્પિટલના સત્તાધીશો વિરૂદ્ધ કોઈ અસકરકારક પગલાં લેવામાં નથી આવતા સ્વચ્છતાના અભાવે ગંદકીથી ખદબદતી મુતરડી માથું ફાડી નાખે એવી દુર્ગંધથી તોબા પોકારી ઉઠ્યા છે એક બાજુ સરકાર સફાઈ ઝુંબેશ ચલાવે છે અને આવી આરોગ્ય વિભાગમાં એટલી ગંદકી અને બદબૂ આવે છે કે પેસાબ કરવા જતા લોકોએ પોતાના નાક ઉપર રૂમાલ મૂકીને જવું પડે છે.

આવી ગંદકીથી સાજા થવાના બદલે વધુ બીમાર પડવાની દહેશત દર્દીઓના સંબંધીઓ વ્યક્ત કરી રહ્યા છે.

**ઘણા સમયથી અહી સફાઈ થઈ જ ન હોય તેવું લાગી રહ્યા હોવાનું દર્દીઓના સંબંધીઓ જણાવી રહ્યા છે ત્યારે મૂતરડી ગંદકીથી ઊભરાતી હોવાની ફરિયાદ ઊઠી છે.**

ઘણા વખતથી મુતરડીમાં સફાઈ થતી નથી ત્યારે લોકો પરેશાની ભોગવી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે વાંસદા કોટેજ હોસ્પિટલમાં નવસારી-વાંસદા ઉપરાંત વલસાડ અને ડાંગ જિલ્લામાંથી પણ કેટલાક લોકો સારવાર અર્થે આવતા હોય છે. દર્દીઓની સાથે સાથે સગા સંબંધિઓ પણ હોસ્પિટલમાં રોકાતા હોવાથી તેમના માટે આ ગંદકીથી ખદબદતા શૌચાલયમાં જવું દુષ્કર્મ બની ગયું છે. સમયસર સફાઇના અભાવે કે તંત્રની બેદરકારીના કારણે દર્દી અને તેના સંબંધિઓ હેરાન થઇ રહ્યાં છે.

DATE-04/11/2025
TUESDAY

વોઈસ ઓફ આદિવાસી
ગુજરાતી સાપ્તાહિક (નવસારી)

VOICE OF ADIVASI
(WEEKLY)-NAVSARI

# નવસારી જિલ્લામાં જનજાતિય ગૌરવ દિવસ, જનજાતિય ગૌરવ રથયાત્રાના આયોજન અંગે જિલ્લા કલેક્ટરશ્રી ક્ષિપ્રા આગ્રેની અધ્યક્ષતામાં બેઠક યોજાઇ

**નવસારી જિલ્લામાં ગૌરવ રથ યાત્રા રૂટ મુજબ તા. ૦૮ મી નવેમ્બર રોજ ખેરગામ, રૂમલા, રાનકુવા, વાસંદા અને ઉનાઇ પહોચશેઃ ગણદેવી તથા વાંસદા તાલુકામાં જિલ્લા કક્ષાનાં કાર્યક્રમનું આયોજન**

નવસારી- ભગવાન બિરદા મુંડાની ૧૫૦ મી જન્મ જયંતિ નિમિત્તે સરકાર દ્વારા તા.૧ થી ૧૫મી નવેમ્બર દરમિયાન જનજાતિય ગૌરવ વર્ષ મહોત્સવની ઉજવણી સાથે જનજાતિય ગૌરવ દિવસની ઉજવણી અને જનજાતિય ગૌરવ રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે નવસારી જિલ્લા કલેકટરશ્રી ક્ષિપ્રા આગ્રેની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે વિવિધ



વિભાગના અધિકારી કર્મચારી સાથે બેઠક યોજાઈ હતી.

આ બેઠક દરમિયાન નવસારી જિલ્લામાં જનજાતિય ગૌરવ દિવસની ઉજવણી અને જનજાતિય ગૌરવ રથ યાત્રા અંગેની વિસ્તૃત આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર રથ યાત્રા રાજયના વિવિધ ૧૪ આદિજાતિ જિલ્લાઓમાં યોજાનાર છે. નવસારી જિલ્લામાં ગણદેવી તથા વાંસદા તાલુકામાં જિલ્લા કક્ષાનાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્ર નિર્માણમાં જનજાતીય સમાજના ગૌરવપૂર્ણ યોગદાનને જન-જન સુધી પહોચાડવાના ઉદ્દેશ્ય સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની પ્રેરણાથી વર્ષ ૨૦૨૧માં બિરસા મુંડાના જન્મદિવસ, ૧૫ મી નવેમ્બરને જનજાતીય ગૌરવ દિવસ તરીકે સમગ્ર દેશમાં ઉજવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

ગુજરાત રાજયકક્ષાનો જનજાતિય ગૌરવ દિવસ કાર્યક્રમ તા.૧૫મી નવેમ્બરના રોજ એકતાનગર ખાતે યોજાશે. જયારે ૧૪ જિલ્લાઓમાં કુલ-૨૬ સ્થળોએ આ કાર્યક્રમ યોજાશે. નવસારી જિલ્લામાં જનજાતિય ગૌરવ રથ યાત્રા રૂટ મુજબ તા. ૦૮ મી નવેમ્બર રોજ ખેરગામ, રૂમલા, રાનકુવા, વાસંદા અને ઉનાઇ પહોચશે.

# ગંગા સમગ્ર તાપી પ્રાંતના પ્રતિનિધિઓએ કિલ્લે સોનગઢ

## શ્રી અટલ બિહારી વાજપેયી ઓડિટોરિયમ હોલ ખાતે લુપ્ત થતી જાદુઈ કલાકારી ના ચાલી રહેલાં અભય જાદુગર આંતરરાષ્ટ્રીય સ્તરે જેમની કલાકારી ને ખ્યાતિ મળી છે એમના કાર્યક્રમમાં હાજરી આપી

તાપી - શ્રી અટલ બિહારી વાજપેયી ઓડિટોરિયમ હોલ ખાતે તા. ૦૨/૧૧/૨૦૨૫ રવિવારે લુપ્ત થતી હાથ સફાઈ, જાદુઈ કલાકારી ના ચાલી રહેલાં અભય જાદુગર આંતરરાષ્ટ્રીય સ્તરે જેમની કલાકારી ને ખ્યાતિ મળી છે એમના કાર્યક્રમમાં હાજરી આપી હતી.



તાપી જિલ્લાના ગૌરવ સમાન અભય જાદુગર દક્ષિણ ગુજરાતના એકમાત્ર જાદુગર છે. જેમણે વિશ્વ વિખ્યાત મંગલ જાદુગર પાસેથી શિક્ષા પ્રાપ્ત કરી છે. કોરોનાકાળ બાદ હાલમાં તેઓ પર્યાવરણ, સફાઈ અભિયાન, પ્લાસ્ટિક અવેરનેસ, જળ સંચય, અને શિક્ષણ પ્રત્યે બાળકોની રુચિ વધે, મોબાઈલના વળગણ થી દૂર રાખી શકાય એના માટે કાર્યક્રમ દરમિયાન શોર્ટ ફિલ્મ દર્શાવી સમાજમાં સામૂહિક જાગૃતિ કાર્યક્રમ પણ ચલાવે છે. જેનાથી વિદ્યાર્થીઓમાં માનસિક થાક ઓછો થાય અને સકારાત્મકતા સાધી શકાય છે. જે બિરદાવવા લાયક કામગીરી માટે એમને અભિનંદન આપવા ઘટે.

ગંગા સમગ્ર તાપી પ્રાંત દ્વારા એમના પ્રયત્નોને પ્રોત્સાહન આપવા અને લુપ્ત થઈ રહેલ કલાકારી ને પુનઃ જાગૃત કરી ટકાવી રાખી લોકોમાં એકતા, અને પર્યાવરણ પ્રત્યે જાગૃતતા ફેલાવવાની ભાવના સાથે તાપી જિલ્લાના રહેવાસી અભય જાદુગર શ્રી નરેશભાઈ હિમતભાઈ માળી ને ગંગા સમગ્ર તાપી પ્રાંત તરફથી પ્રતિનિધિઓ સાથે મળીને સન્માન કરી પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું. એમને અનેકોનેક શુભેચ્છાઓ સાથે ખૂબ ખૂબ અભિનંદન.

# નવસારી જિલ્લામાં ૩૮૪ ગામોમાં કમોસમી વરસાદના કારણે પાક નુકસાની સર્વેની કામગીરી વેગવંતી

**નવસારી** -જિલ્લાના તમામ ગામોમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગ્રામસેવક ખેતી,

તલાટી કમ મંત્રી અને અન્ય સ્થાનિક કર્મચારીઓ સાથેની ટીમની રચના કરી કામગીરી કાર્યરત. ૩૮૪ ગામોમાં પંચરોજકામ સહિતની સર્વે કામગીરી પૂર્ણ.

ખેડૂત આગેવાનો સાથે નુકસાનગ્રસ્ત વિસ્તારની મુલાકાત કરી પંચરોજકામ કામગીરી કરાઇ. ઓક્ટોબર માસના છેલ્લા અઠવાડિયામાં થયેલ કમોસમી વરસાદના કારણે પાક નુકસાની અંગે રાજયના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કૃષિ મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણીના માર્ગદર્શનમાં અસરગ્રસ્ત ગામોમાં વિલેજ યુનિટ ગણીને પાક નુકસાની સર્વે અંગે કામગીરી શરૂ કરવામાં આવી છે. નવસારી જિલ્લાના તમામ તાલુકાના સમાવિષ્ટ ૩૮૪ ગામોમાં સતત વરસાદના કારણે તમામ પાકોમાં નુકસાની અંગેની રજૂઆત મળી હતી.



નવસારી જિલ્લાની પાક પદ્ધતિ જોઈએ તો જિલ્લાના ચોમાસુ સિઝનના કુલ વાવેતરમાં મુખ્યત્વે ડાંગર ધરાવે છે જને મોટું નુકસાન જોવા મળ્યું હતું. પાક નુકસાનીના આકલન અને પંચ રોજકામ સર્વે કામગીરી માટે જિલ્લાના તમામ ગામોમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગ્રામસેવક ખેતી, તલાટી કમ મંત્રી અને અન્ય સ્થાનિક કર્મચારીઓ સાથેની ટીમની રચના કરી યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરવામાં આવી છે.

જિલ્લામાં સર્વે માટે ૧૩૮ ટીમો દ્વારા તમામ ગામની મુલાકાત લઇ ગામના સરપંચશ્રી અને ગામના ખેડૂત આગેવાનો સાથે નુકસાનગ્રસ્ત વિસ્તારની મુલાકાત કરી ૩૮૪ ગામોનું સર્વે કાર્ય પૂર્ણ કરી પંચરોજકામ કામગીરી કરવામાં આવી છે. બાકી રહેતા ગામોમાં કામગીરી શરૂ છે અને આવતીકાલે વહેલી સવારથી આ કામગીરી શરૂ કરી પૂર્ણ કરાવવાનું આયોજન છે. ખેતીવાડી કચેરી દ્વારા વધુમાં જણાવાયું છે કે ખેડૂતોને યોગ્ય વળતર મળવા માટેની પ્રક્રિયા ઝડપી ગતિએ આગળ ધપાવવામાં આવી રહી છે અને કોઈપણ ખેડૂત વળતરથી વંચિત ન રહે તે માટે સતત મોનીટરીંગ ચાલુ છે.

# પારડી તાલુકા ના ઉદવાડા ગામ માં રતન ટાટા બિલ્ડીગનુ રીસ્ટોર કરી પુનઃ સ્થાપન કરી ભવ્ય લૂક અપાયો



**વલસાડ, બ્યુરો ચીફ** - કિરણ પટેલ ઉદવાડાગામમાં રતન ટાટા બિલ્ડિંગ નુ પુનઃ સ્થાપન કરી તેનો પારસી સંસ્કૃતિ મુજબનો ભવ્ય લૂક યથાવત રાખવામાં આવીયો રતન ટાટા બિલ્ડિંગમાં માણેકજી કાવસજી દમણવાલા ડિસ્પેન્સરી ચાલે છે.

જે આજુબાજુના ગામોના લોકોને નજીવી કિંમતે સારવાર આપે છે. પરંતુ આ રતન ટાટા બિલ્ડિંગને ઘણાં વર્ષ થઈ ગયાં હોવાથી ટાટા ગ્રુપે આ બિલ્ડિંગને રીસ્ટોર એટલે કે પુનઃ સ્થાપન કરી તેનો ભવ્ય લૂક યથાવત રાખવામાં આવીયો જે કામગીરીને આખરી ઓપ આપવામાં આવી

ટાટા ટ્રસ્ટ અથવા ટાટા પરિવારની સહાયથી થયું છે. તેમાં હોલ, ઓફિસ રૂમ, મીટિંગ રૂમ અને કોન્ફરન્સ સુવિધાઓ છે. બિલ્ડિંગ પારસી અતિથિઓ અને સમાજના આગેવાનોને સમારંભ અને ચર્ચા માટે સ્થળરૂપે ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે.

# ખેરગામ પોલીસ પ્રશાસન દ્વારા રન ફોર યુનિટી એકતા દોડનું ભવ્ય આયોજન

ખેરગામ- ગુજરાતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મજયંતી સાર્ધશતાબ્દી વર્ષના પ્રારંભ નિમિત્તે તા. ૩૧ ઓક્ટોબરના રોજ રાજયભરમાં રન ફોર યુનિટી એકતા દોડનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ખેરગામ ખાતે આ પ્રસંગે બાબા સાહેબ આંબેડકર સર્કલથી બિરસા મુંડા સર્કલ સુધી એકતા દોડનું આયોજન કરવામાં આવ્યું હતું. વહેલી સવારે ૦૭:૦૦ વાગ્યે શરૂ થયેલી આ દોડમાં મોટી સંખ્યામાં નાગરિકો, વિદ્યાર્થીઓ તથા પોલીસ સ્ટાફ ઉત્સાહપૂર્વક જોડાયા હતા.આ પ્રસંગે મહિલા પોલીસ ઇન્સ્પેક્ટર પી.આઈ. પિનલ ચૌધરી, મામલતદાર શ્રી ભાવેશભાઈ, તાલુકા



પંચાયત પ્રમુખ રાજુભાઈ, તાલુકા પ્રમુખ લિટેશ ગામીત, ભૌતેશ કંસારા, ગૌરીના સરપંચ પ્રકાશભાઈ પટેલ કાર્તિકભાઈ પટેલ, વિજય રાઠોડ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.દોડ પૂર્ણ થયા બાદ વિજેતા ભાગલેનારાઓને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ખેરગામ નગર તથા તાલુકાના નાગરિકોએ અખંડ ભારતના નિર્માતા સરદાર પટેલ સાહેબને સાચી શ્રદ્ધાંજલિ અર્પી એક ભારત, શ્રેષ્ઠ ભારત ના સંકલ્પને ચરિતાર્થ કર્યો હતો.

# આદિવાસી વિસ્તારમાં કમાવા માટે બનાવાતી કંપનીઓ આદિવાસી વિસ્તારના લોકોનું શોષણ કરી રહી છે

**કંપનીના વર્કરો પાસે આખું વર્ષ દરમિયાન જે પણ કામગીરી હોય એ કરાવી લેવામાં આવે છે અને જયારે દિવાળીના ટાઈમે બોનસ આપવાનું હોય છે ત્યારે છુટા કરી દેવાનું આ કંપનીની એક નવી પોલીસી થઈ ગયો એવું લાગી રહ્યું છે.**

**નરેશ માલી, બ્યુરો ચીપ દક્ષિણ ગુજરાત** -તાપી જિલ્લાના ડોસવાડા ખાતે આવેલ બાલકૃષ્ણ ટેક્સટાઇલ કંપની શરૂ થયા ની સાથે જ આવી વિવાદમાં સ્થાનિક કર્મચારીઓ ની રોજગારી છિનવાતા તહેવારના ટાણે જ કર્મચારીઓ મુશ્કેલીમાં મુકાયા આદિવાસી વિસ્તારમાં જયારે પણ આવી ફેક્ટરી કે કંપનીની સ્થાપના કરવામાં આવે છે. ત્યારે વિશેષ જણાવવામાં આવે છે કે સ્થાનિકોને રોજગારી આપવામાં આવશે તેવા સમયમાં ડોસવાડા ગામે આવેલ બાલકૃષ્ણ ટેક્સટાઇલ ના સંચાલકો ની મનમાની



દેખાઈ રહી છે.

કર્મચારીઓ જણાવે છે કે કંપનીના સંચાલકો પરપ્રાંતીય કર્મચારીને લાવી કંપનીમાં કામ કરાવે છે અને સ્થાનિકોની રોજીરોટી છીનવી કંપનીમાંથી છૂટા કરી દેવામાં આવે છે તહેવારોના સમયમાં ગુજરાન ચલાવવામાં તકલીફ પડે છે ૧૫૦ થી પણ વધુ કર્મચારીઓને રોજીરોટી મળે છે બાલકૃષ્ણ ટેક્સટાઇલમા પણ અચાનક કર્મચારીઓને છુટા કરાતા જણાવી રહ્યા છે. કે આગામી દિવસોમાં અમારી માંગણી સંતોષાય તો ઉગ્ર આંદોલન કરીને ન્યાય મેળવીશું.

# સુરતની નવી સિવિલમાં દર્દીઓની લાંબી કતારો

## ઓપીડીમાં ૭૦૦ માંથી ૨૫૦ જેટલા દર્દીઓ માત્ર ઝાડા-ઊલટી અને વાયરલ ઇન્ફેક્શનના



સુરત- છેલ્લા કેટલાક દિવસોથી સુરતના હવામાનમાં અચાનક આવેલા પલટાએ લોકોના સ્વાસ્થ્ય પર ગંભીર અસર કરી છે. કમોસમી વરસાદ અને દિવસ દરમિયાન પડી રહેલો તડકો એમ બેવડી ઋતુના અનુભવને કારણે શહેરમાં વાયરલ ઇન્ફેક્શન અને પાણીજન્ય રોગોના કેસોમાં મોટો વધારો નોંધાયો છે. પરિણામે, સુરતની નવી સિવિલ હોસ્પિટલ દર્દીઓના ધસારાથી ઉભરાઈ રહી છે અને સવારથી જ સારવાર માટે લાંબી કતારો જોવા મળી રહી છે.

નવી સિવિલ હોસ્પિટલના આંકડાઓ ચિંતાજનક સ્થિતિ દર્શાવે છે. હોસ્પિટલની સાત ઓપીડીમાં દરરોજ સરેરાશ ૭૦૦ જેટલા દર્દીઓ સારવાર માટે આવી રહ્યા છે. આ કુલ દર્દીઓમાંથી લગભગ ૨૫૦ જેટલા દર્દીઓ માત્ર વાયરલ તાવ, શરદી-ઉધરસ અને ઝાડા-ઊલટીના કેસ ધરાવતા નોંધાયા છે. આ વધારો સીધો જ ઋતુગત ફેરફાર અને ભેજવાળા વાતાવરણ સાથે સંકળાયેલો છે. સિવિલ હોસ્પિટલમાં સવારના સમયથી જ દર્દીઓની સૌથી લાંબી લાઈનો જોવા મળી રહી છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તાર અને ઇન્ડસ્ટ્રીયલ એરિયામાંથી આવતા શ્રમિકોની સંખ્યા વિશેષ છે, જેઓ ઝડપથી આ રોગચાળાની ઝપેટમાં આવી રહ્યા છે.

# માંગરોળમાં હચમચાવી દેતી ઘટનાઃ ટ્રોલી બેગમાંથી મળી અજાણી યુવતીની લાશ, પોલીસ તપાસ શરૂ

સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના કોસંબા નજીક આજે એક સનસનાટીભરી ઘટના સામે આવી છે. અહીં રેલવે ઓવરબ્રિજની બાજુમાં આવેલા જાહેર રોડ પરથી એક બંધ ટ્રોલી બેગ મળી આવી હતી, જેમાંથી અજાણી મહિલાનો મૃતદેહ મળી આવતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.



મળતી માહિતી મુજબ બંધ બેગમાંથી અંદાજીત ૨૦ વર્ષીય યુવતીનો હત્યા કરાયેલો મૃતદેહ મળી આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં યુવતીના ગળાના ભાગે ઇજાના નિશાન પણ મળી આવ્યા છે.

ઘટનાની જાણ થતાં જ કોસંબા પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને સમગ્ર વિસ્તારને કોર્ડન કરી લીધો હતો. પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી મહિલાના મૃતદેહને પોસ્ટમોર્ટમ (પીએમ) અર્થે હોસ્પિટલ ખસેડ્યો હતો.

પોલીસના પ્રાથમિક અનુમાન મુજબ અજાણી યુવતીની અન્યત્ર હત્યા કરવામાં આવી હોઇ શકે છે અને ત્યારબાદ પુરાવાનો નાશ કરવાના ઇરાદે મૃતદેહને ટ્રોલી બેગમાં પેક કરીને આ સૂમસામ જગ્યા પર ફેંકી દેવામાં આવ્યો છે. હાલ પોલીસ માટે મૃતક યુવતીની ઓળખ કરવી એ પ્રથમ પ્રાથમિકતા છે. આ મૃતદેહ કોનો છે અને આ ઘાતકી હત્યા કોણે અને શા માટે કરી?

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- SHAILESHKUMAR VALLABHBHAI PATEL, PUBLISHED FROM-VOICE OF ADIVASI (WEEKLY)-NAVSARI.
PATEL FALIYA, BARTAD (UNAI) VANSDA, DIST.-NAVSARI, GUJARAT.- PN.-396590, PRINTED BY-ASTAVINAYAK OFFSET, F.P.149, PLOT NO. 26,
KHODIYAR NAGAR, NR. SHIDDHI VINAYAK MANDIR, (BHATHENA), H.SCO. ANJANA, SURAT, GUJRAT